# રાજ્યમાં કોરોનાના ૩૨૪ નવા કેસ, ૨૦ના મોત

## રાજ્યમાં કુલ મૃતાંક વધીને ૫૮૬ થયો : રાજ્યમાં કુલ કેસોની સંખ્યા ૯૫૯૨ થઇ : અમદાવાદમાં ૨૬૫, સુરતમાં ૧૬ અને વડોદરામાં ૧૩ કેસ સપાટીએ

ગાંધીનગર,તા.૧૪

ગુજરાત રાજ્યના આરોગ્ય વિભાગ દ્વારા કોરોના અંગે રોજેરોજ માહિતી આપવામાં આવી રહી છે. આરોગ્ય વિભાગના અગ્ર સચિવ જ્યંતિ રવિએ આજે પણ ૨૪ કલાકમાં કોરોનાની સ્થિતિ અંગે વિસ્તૃત માહિતી આપી હતી. અમદાવાદ શહેરના અસારવા વિસ્તારમાં એએમસીની ડોર ટુ ડોર સર્વેલન્સની કામીગીરી અંગે પણ આરોગ્ય અગ્ર સચિવ જ્યંતિએ જાત માહિતી મેળવી હતી. ગુજરાતમાં કોરોના દર્દીનો આંકડો ૧૦ હજાર નજીક પહોંચી ગયો છે. છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૩૨૪ નવા કેસ નોંધાયા છે અને ૨૦ દર્દીના મોત થયા છે જ્યારે ૧૯૧ દર્દીને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે. આમ કુલ કેસ ૯,૫૯૨ અને મૃત્યુઆંક ૫૮૬ થઈ ગયો છે. આત્મનિર્ભર ગુજરાત સહાય યોજના જાહેર, ૨ ટકાના વ્યાજ દરે રૂ.૧ લાખ સુધીની લોન મળશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા આત્મનિર્ભર ભારતની વાત કર્યા બાદ અને કેન્દ્રિય નાણમંત્રી દ્વારા વિવિધ પેકેજની જાહેરાત કરવામાં આવ્યા બાદ મુખ્યમંત્રી વિજય રૂપાણી દ્વારા આત્મનિર્ભર ગુજરાત સહાય યોજનાની જાહેરાત કરી છે. આ યોજનાનો લાભ ૧૦ લાખ લોકોને મળશે. યોજના હેઠળ બેન્કો પાસેથી લોનની વ્યવસ્થા પણ કરવામાં આવી છે. બેન્કો માત્ર અરજીના આધારે લોન પાસ કરશે. નાનાં વેપારીઓ, વ્યવસાયીઓને, ફેરિયાઓ, રિક્ષાચાલકો વગેરેને ૧ લાખ રૂપિયાની લોન ૨ ટકાના વાર્ષિક વ્યાજે મળશે. જ્યારે ૬ ટકા વાર્ષિક વ્યાજ રાજ્ય સરકાર દ્વારા ચૂકવવામાં આવશે, પ્રથમ છ મહિના વ્યાજ અને મુદ્દલ ચૂકવવું નહીં પડે તેમ મુખ્યમત્રીએ જણાવ્યું છે. મુખ્યમંત્રીના સચિવ અશ્વિની કુમારે જણાવ્યું છેકે, મુખ્યમંત્રીએ સેન્ટ્રલ ટે?કસટાઈલ મિનિસ્ટર સાથે વાત કરી છે. જેમાં સૌરાષ્ટ્ર અને મધ્ય ગુજરાતમાં કપાસની ખેતી કરતા ખેડૂતોના કપાસ સીસીઆઈ મારફત ખૂબજ ઝડપથી ખરીદવામાં આવે અને ખેડૂતને તેમના કપાસના ઉત્પાદનનો સારો ભાવ ટેકાના ભાવે મળે તે માટે યોગ્ય અને ઝડપી કાર્ય કરવા રજૂઆત કરી છે. કેન્દ્રીય નાણામંત્રીએ સ્જીસ્ઈ માટે સારુ પેકેજ જાહેર કરવામાં આવ્યું છે. ગુજરાત સ્જીસ્ઈનો ગઢ માનવામાં આવે છે. લાખો યુનિટ ગુજરાતમાં કામ કરે છે જેથી મુખ્યમંત્રીએ આ પેકેજને આવકાર્યુ છે અને ગુજરાતમાં આ સેક્ટર વધુ મજબૂત અને તાકતવર બનીને બહાર આવશે.

સરખેજ હાઈવે પર ચાલી રહેલા સિક્સલેન હાઈવે સહિતના કામોનું નિરીક્ષણ કરવા આવેલા નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે જણાવ્યું હતું કે આજે બપોરે ગુજરાત સરકારની કોર કમિટીની બેઠક મળવાની છે. આ બેઠકમાં નવા રંગરૂપ સાથેના લોકડાઉન ૪ અંગેની રૂપરેખા નક્કી કરવામાં આવશે. દિલ્હીથી આવતા પ્રવાસીઓ માટે ૧૫ રૂટ પર તંત્ર દ્વારા બસ દોડાવાશે. દિલ્હીથી અમદાવાદ આવનારી ટ્રેનના પ્રવાસીઓ માટે ખાસ વ્યવસ્થા કરવામાં આવી છે. પ્રવાસીઓને કોઈ અવગડતા ન પડે એ માટે સાબરમતી સ્ટેશનથી અલગ-અલગ ૧૫ રૂટ પર તંત્ર દ્વારા બસ દોડાવવામાં આવશે.

### ક્યા જિલ્લામાં કેટલા કેસ

| શહેર | કેસ | મૃત્યુ | ડીસ્ચાર્જ |
|---|---|---|---|
| અમદાવાદ | ૬૯૧૦ | ૪૬૫ | ૨૨૪૭ |
| વડોદરા | ૬૦૫ | ૩૨ | ૩૬૩ |
| સુરત | ૯૮૩ | ૪૪ | ૫૭૪ |
| રાજકોટ | ૬૬ | ૨ | ૫૧ |
| ભાવનગર | ૧૦૩ | ૦૭ | ૪૬ |
| આણંદ | ૮૨ | ૭ | ૭૦ |
| ભરૂચ | ૩૨ | ૨ | ૨૫ |
| ગાંધીનગર | ૧૪૬ | ૫ | ૬૧ |
| પાટણ | ૩૪ | ૦૨ | ૨૨ |
| પંચમહાલ | ૬૮ | ૪ | ૩૭ |
| બનાસકાંઠા | ૮૩ | ૩ | ૪૧ |
| નર્મદા | ૧૩ | ૦ | ૧૨ |
| છોટા ઉદેપુર | ૨૧ | ૦ | ૧૪ |
| કચ્છ | ૧૪ | ૧ | ૬ |
| મહેસાણા | ૭૩ | ૨ | ૩૭ |
| બોટાદ | ૫૬ | ૧ | ૨૯ |
| પોરબંદર | ૪ | ૦ | ૩ |
| દાહોદ | ૨૦ | ૦ | ૧૧ |
| ગીર-સોમનાથ | ૨૨ | ૦ | ૮ |
| ખેડા | ૩૩ | ૧ | ૧૪ |
| જામનગર | ૩૩ | ૨ | ૨ |
| મોરબી | ૨ | ૦ | ૧ |
| સાબરકાંઠા | ૨૭ | ૨ | ૯ |
| અરવલ્લી | ૭૬ | ૨ | ૨૨ |
| મહીસાગર | ૪૭ | ૧ | ૩૫ |
| તાપી | ૨ | ૦ | ૨ |
| વલસાડ | ૬ | ૧ | ૪ |
| નવસારી | ૮ | ૦ | ૭ |
| ડાંગ | ૨ | ૦ | ૨ |
| સુરેન્દ્રનગર | ૩ | ૦ | ૧ |
| દેવભૂમિ દ્વારકા | ૧૨ | ૦ | ૦ |
| જુનાગઢ | ૪ | ૦ | ૨ |
| અમરેલી | ૦૧ | ૦૦ | ૦૦ |
| અન્ય રાજ્ય | ૦૧ | ૦ | ૦ |
| **કુલ** | **૯૫૯૨** | **૫૮૬** | **૩૭૫૩** |

# આજથી અમદાવાદમાં શાકભાજી, કરિયાણાનું વેચાણ શરૂ થશે

## અમદાવાદ શહેરના સિવિક સેન્ટરો પર મોટી સંખ્યામાં ફેરિયાની હેલ્થકાર્ડ લેવા માટે ભારે ભીડ જોવા મળી હતી

અમદાવાદ, તા. ૧૪

શહેરમાં આવતીકાલથી ફરી શાકભાજી અને કરિયાણાનું વેચાણ શરૂ થવાનું છે. તંત્ર દ્વારા તેના માટે મોટાપાયે તૈયારીઓ કરવામાં આવી છે. શાકભાજી વેચનારા ૧૭ હજાર જેટલા ફેરિયાનું સ્ક્રિનિંગ કરી તેમને હેલ્થ કાર્ડ આપવામાં આવ્યા છે. આજે શહેરના સિવિક સેન્ટરો પર મોટી સંખ્યામાં ફેરિયાઓની હેલ્થકાર્ડ લેવા માટે ભારે ભીડ જોવા મળી હતી. એડિશનલ ચીફ સેક્રેટરી ડૉ. રાજીવકુમાર ગુપ્તાએ આ અંગે માહિતી આપતા જણાવ્યું કે, સ્થિતિને સામાન્ય કરવા માટે આવતીકાલથી શાકભાજી, ફળ તેમજ કરિયાણાનું વેચાણ ફરી શરૂ કરાઈ રહ્યું છે.

સવારે ૮ વાગ્યાથી બપોરે ત્રણ વાગ્યા સુધી શાક તેમજ કરિયાણાનું વેચાણ કરી શકાશે. તેમણે અપીલ કરી હતી કે ૮ વાગ્યાથી ૧૧ સુધી માત્ર મહિલાઓ અનો બાળકો જ ખરીદી કરવા માટે બહાર નીકળે. ગુપ્તાએ એવું પણ આશ્વાસન આપ્યું હતું કે શાકભાજી અને કરિયાણાના વેચાણમાં કોઈ રોકટોક નથી. માટે લોકો જરૂર કરતા વધારે વસ્તુઓની ખરીદી કરી તેનો સ્ટોક કરવાનું ટાળે અને પેનિક બાયિંગથી બચી. વસ્તુઓ ખરીદવા માટે બહાર નીકળતા પહેલા તેમણે લોકોને માસ્ક પહેરવા તેમજ સોશિયલ ડિસ્ટન્સિગ જાળવી રાખવા પણ ખાસ અપીલ કરી હતી. કોરોનાથી બચવા ખરીદી કર્યા બાદ ઘરે જઈને કપડાં બદલવા તેમજ ન્હાવા માટે પણ તેમણે લોકોને જણાવ્યું હતું. કોર્પોરેશન દ્વારા ફેરિયાઓને પણ માસ્ક અને સેનેટાઈઝર આપવામાં આવ્યા છે. વળી, શાકભાજીની લારીઓ વચ્ચે જગ્યા રહે તેના માટે પણ વ્યવસ્થા ગોઠવાઈ છે. શહેરમાં પાંચ જગ્યાએ સવારે ત્રણ વાગ્યાથી પાંચ ફેરિયા જથ્થાબંધ વેપારીઓ પાસેથી માલ ખરીદી શકશે અને પાંચેય જગ્યા પર સવારથી જ મોટી સંખ્યામાં પોલીસનો બંદોબસ્ત ખડકી દેવાશે.

અમદાવાદમાં થોડા દિવસ પહેલાં જ શાકભાજી અને કરિયાણાની દુકાનો પણ બંધ કરવાનો નિર્ણય લેવાયો હતો. જેની જાહેરાત થતાં જ શહેરમાં અફરાતફરી મચી ગઈ હતી અને લોકોએ ખરીદી કરવા દોડધામ શરૂ કરી દીધી હતી. જેના કારણે શાકભાજીના ભાવો પણ ગણતરીના કલાકોમાં જ સીધા ડબલ થઈ ગયા હતા. કરિયાણાની દુકાનો અને સુપર માર્કેટમાં પણ આવી જ ભીડ જોવા મળી હતી.



ગાંધીનગર શહેરમાં સે. ૬ માં આવેલ 'જ' ટાઈપ વસાહતની ગટર ઉભરાવાની સમસ્યાને લઈ અહિયાં વસતા નાગરિકોમાં રોગચાળાનો ભય ઉભો થવા પામ્યો છે. સ્થાનિક કોંગીના કાઉન્સીલરોએ આ બાબતમાં રજુઆત કરતાં તંત્ર દ્વારા ગટરલાઈન બેસી ગઈ હોવાથી સમસ્યા ઉભી થઈ હોવાનું જણાવાયુ હતુ પંરતુ પાણી જે રીતે આ વિસ્તારમાં ઉભરાઈ રહ્યુ છે તેનાથી વિસ્તાર પણ ગંદકીથી ખદબદી ઉઠ્યો છે. તાત્કાલિક યોગ્ય પગલાં લેવામાં આવે તેવી માંગ ઉઠી છે.

# અસારવામાં ડોર ટુ ડોર સર્વેની કામગીરીનું નિરીક્ષણ કરાયું

અમદાવાદ, તા. ૧૪

આરોગ્ય વિભાગના અગ્ર સચિવ ડૉ. શ્રીમતિ જયંતિ રવિએ અમદાવાદના અસારવા વિસ્તારમાં મહાનગરપાલિકા દ્વારા ચાલી રહેલી ડોર ટુ ડોર સર્વેલન્સની કામગીરીનું નિરીક્ષણ કર્યું હતું. મહાનગરપાલિકાની આરોગ્ય ટીમ દ્વારા ઘરે ઘરે જઈને આરોગ્યનું સર્વેક્ષણ કરવામાં આવી રહ્યું છે. લોકોને સ્વાસ્થ્ય સંબંધી પ્રશ્નો પૂછીને તેમની જાતે માહિતી મેળવવામાં આવી રહી છે. જરૂર જણાય તેવા કિસ્સાઓમાં તેમને હોસ્પિટલનો સંપર્ક કરવા જણાવવામાં આવે છે. અગ્ર સચિવ ડૉ. શ્રીમીત જયંતિ રવિએ પણ કેટલાક ઘરોની મુલાકાત લઈને નાગરિકોને શું કાળજી લેવી તેની સમજણ આપી હતી. ઘરમાં વડીલોની વધુ સંભાળ રાખવા તેમણે સૂચનો કર્યા હતાં અને સૌને માસ્ક પહેરવાની તાકીદ કરી હતી.

અમદાવાદ મહાનગર-પાલિકા દ્વારા થઈ રહેલા ડોર ટુ ડોર સર્વેલન્સનું મોનિટરીંગ કરીને તેમણે આ કામગીરીને વધારે સુંદર અને અસરકારક બનાવવા કેટલાક સૂચનો કર્યા હતા.



## ધનસુરાનું બજાર સદંતર બંધ

આજથી ૧૪ તારીખથી ધનસુરા બજાર સદંતર બંધ છે. લોકડાઉનને લઈ અને અરવલ્લી જિલ્લામાં કોરોનાના વધી રહેલા કેસોને લઈને ધનસુરામાં તમામ દુકાનો બંધ રખાઈ છે. ખાલી દૂધ અને દવાની દુકાન જ સવારે જ ચાલુ રાખવામાં આવી છે. ધનસુરા પી.એસ.આઈ. કે. એસ. સિસોદિયાની આગેવાનીમાં કરિયાણાના વેપારીગણ જોડે વાર્તાલાપ કરવામાં આવ્યો હતો અને હાલની પરિસ્થિતિ જોઈને ધનસુરાના વેપારીઓ ધ્વારા સ્વયંભૂ બજાર બંધ રાખવાનો નિર્ણય લેવાયો હતો. જેમાં વેપારીગણ અને ગ્રામપંચાયત દ્વારા સમર્થન આપવામાં આવ્યું હતું. ધનસુરાના આજુબાજુના ગામડાઓમાં કોરોનાના કેસ આવવાના કારણે ધનસુરામાં ૧૨-૫-૨૦૨૦ થી ૧૪-૫-૨૦૨૦ સુધી તમામ દુકાનો બંધ રહેશે આ ઉપરાંત આગળ પરિસ્થિતિને જોવામાં આવશે વધુ ૧૭-૫-૨૦૨૦ સુધી પણ બજાર બંધ રહી શકે છે. માત્ર દૂધ અને દવાની દુકાનો જ શરુ રહેશે જેને લઈને ધનસુરા પી.એસ.આઈ. કે.એસ. સિસોદિયા અને વેપારીઓ સાથે ચર્ચા કરી હતી જેમાં વેપારીઓએ સાથે સહકાર આપવાનું જણાવ્યું હતું અને ગ્રામ પંચાયતે પણ આ વાતને સમર્થન આપ્યું હતું. જેને લઈને ધનસુરા બજાર બે દિવસથી સંપૂર્ણ બંધ રહ્યું હતું.

### વિશ્વભરમાં... ● અનુસંધાન પહેલાનું ચાલુ

રહ્યો છે. સાથે સાથે ગંભીર રહેલા દર્દીઓની સંખ્યા ૪૫૯૩૬ રહેલી છે જે ગંભીર સ્થિતીનો સંકેત આપે છે. દુનિયાના તમામ દેશોના અર્થતંત્ર ભાંગી પડવાના આરે પહોંચી ગયા છે. અમેરિકન અર્થતંત્રને પણ નુકસાન થયુ છે. બધા દેશ પગલા લઈ રહ્યા છે પરંતુ હાલ બિનઅસરકારક સાબિત થઈ રહ્યા છે. વાયરસને કાબુમાં લેવા માટે વિવિધ પગલા લેવામાં આવી રહ્યા હોવા છતાં રોગ પર કાબુ લેવામાં સફળતા હાથ લાગી રહી નથી. જ્યારે જાપાન, ચીન સહિતના દેશોમાં સ્થિતીમાં સુધારો થયો છે. ભારતમાં પણ હવે સ્થિતી ખરાબ થઈ રહી છે. કેસોની સંખ્યામાં ચિંતાજનક રીતે વધારો થઈ રહ્યો છે. અમેરિકા, સ્પેન, ઈટાલી, યુકે, ફ્રાંસ, જર્મની જેવા દેશોમાં પણ કેસોની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે. ભારતમાં પણ આવી જ સ્થિતિ સર્જાયેલી છે. તમામ દેશોની સરકારો દ્વારા અનેક પગલાઓ લીધા હોવા છતાં કોરોના પર કાબૂ મેળવી શકાયો નથી. વિશ્વમાં અમેરિકા સૌથી વધુ પ્રભાવિત દેશ તરીકે ઉભરી આવ્યું છે. અમેરિકાની સ્થિતિ ખુબ જ ગંભીર બનેલી છે. સમગ્ર દુનિયા કોરોના વાયરસના પ્રકોપથી ત્રાહિમામ પોકારી ગઈ છે. વિશ્વ ૨૧૦ દેશોમાં કોરોના વાયરસનો કહેર યથાવતરીતે જારી રહ્યો છે. સુપર પાવર અમેરિકા અને સ્પેન તેમજ ઈટાલી જેવા દેશો કોરોનાની સામે જંગ હારતા દેખાઈ રહ્યા છે. અમેરિકા અને સ્પેન સહિતના દેશોમાં કેસોની સંખ્યા સૌથી વધારે છે.

### ખેડૂતોને... ● અનુસંધાન પહેલાનું ચાલુ

માટે ઘણા કામ કર્યા છે. ૩ કરોડ ખેડુતોને રાહત દરે લોન આપવામાં આવી છે. ૨૫ લાખ કિસાન ક્રેડિટ કાર્ડનું વિતરણ કરવામાં આવ્યું છે. નાણામંત્રી નિર્મલા સીતારામને કહ્યું, નાબાર્ડ, ગ્રામીણ બેંકો દ્વારા ૨૯,૫૦૦ કરોડની સહાય ખેડુતોને આપવામાં આવી હતી. માર્ચ-એપ્રિલમાં ૮૬ હજાર કરોડની લોન આપવામાં આવી હતી. ગ્રામીણ માળખાગત સુવિધા માટે ૪૨૦૦ કરોડ આપવામાં આવી હતી.× નાણાં રાજ્યમંત્રી અનુરાગ ઠાકુરે જણાવ્યું હતું કે, ×ઓછામાં ઓછું દૈનિક વેતન વધારીને કરવામાં આવ્યું છે. રાજ્ય આપત્તિ રાહત ભંડોળના ઉપયોગને મંજૂરી આપવામાં આવી છે. પરપ્રાંતિય મજૂરોને મનરેગા હેઠળ નોંધણી કરવામાં આવી રહી છે. નાણાં પ્રધાને પેકેજ વિશે માહિતી આપતા કહ્યું કે, ×તમામ મજૂરોને લઘુતમ વેતનનો લાભ આપવાનો પ્રયાસ છે. ૧૦ થી ઓછા કર્મચારીઓવાળી સંસ્થાઓએ વાર્ષિક કર્મચારીઓની આરોગ્ય તપાસણી કરવી જોઈએ. આવી સંસ્થાઓ ઈજીૈંઝ ના કાર્યક્ષેત્ર હેઠળ લાવવામાં આવશે. જોખમી ક્ષેત્રમાં કાર્યરત ઈજીૈંઝ એ લોકો માટે જરૂરી છે. જેમણે મુદ્રા લોન હેઠળ ૫૦,૦૦૦ અથવા ૫૦૦૦૦ રૂપિયાથી ઓછીની લોન લીધી છે, જ્યારે તેઓ ૩ મહિના પછી તેમના હપ્તાની ચુકવણી કરશે, તો સમયસર ચુકવણી પર તેમને ૨% વ્યાજની છૂટ આપવામાં આવશે.

### દુઃખદ અવસાન... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વિદ્યાલય પરિવારના ચેરમેન વલ્લભભાઈ માણેકલાલ પટેલ તેમજ વિષ્ણુભાઈ માણેકલાલ પટેલ નિરવ વિષ્ણુભાઈ પટેલ, કનિષ વલ્લભભાઈ પટેલ તેમજ ગણેશ કોટન ઈન્ડસ્ટ્રીઝના કાંતિભાઈ માધવલાલ પટેલે સદગતના આત્માની શાંતિ માટે પ્રાર્થના કરી હતી. ગાંધીનગર સ્થિત કડી કેમ્પસના શિક્ષકો , આચાર્યો સહીતના સ્ટાફે પણ તેમના અવસાન બદલ દુખની લાગણી વ્યકત કરી તેમના આત્માની શાંતિ માટે પ્રાર્થના કરી હતી. ૮૭ વર્ષીય વિજયાબેને વલ્લભભાઈ પટેલ તેમજ વિષ્ણુભાઈ પટેલના જીવન ઘડતર માટે મહત્વનુ યોગદાન આપ્યુ હતુ. સ્વ કર્મચુડામણી માણેકલાલ પટેલને પણ હરહંમેશ તેમણે શિક્ષણની પ્રવૃતિને વેગ આપવા પ્રોત્સાહીત કર્યા હતા.



## ડીસામાં કોરોના વોરિયર્સની સાચી સેવા

બનાસકાંઠા જિલ્લાના તાલુકા મથક ડીસામાં છેલ્લા દોઢ મહિના કરતા વધુ સમયથી કોરોનાની ગંભીર પરિસ્થિતિમાં ફરજ બજાવતા પોલીસ કર્મચારીઓ અને અન્ય કર્મચારીઓને સાંઈબાબા મંદિરમાં દરરોજ સવારે ગરમાગરમ ચા-નાસ્તો અને બંને ટાઈમ જમવામાં શાક, રોટલી, દાળ-ભાત અને છાસનું પૌષ્ટિક ભોજન પીરસવામાં આવે છે જેનો અન્ય લોકો પણ લાભ લે છે. કોરોના વોરિયર્સની આ સાચી સેવાની સુવાસ ચોમેર મ્હેકી ઉઠી છે.



## ડીસામાં પોલીસ ચોકીની બાજુમાં કચરા ઢગ...

ડીસા શહેરમાં ઘણી જગ્યાએ પોલીસ ચોકીએ યોગ્ય મરામતના અભાવે ખંડેર ભાસી રહી છે જેમાં શહેરના રાજપુર લોધાવાસમા આવેલી પોલીસ ચોકી આસપાસ ગંદકીભર્યો માહોલ સર્જાયો છે જેના કારણે પોલીસકર્મીઓને પરેશાની ભોગવવી પડે છે આ પોલીસ ચોકીની યોગ્ય સફાઈ થાય તો પોલીસ કર્મચારીઓને પણ તકલીફ સહન ન કરવી પડે.

### છૂટછાટ આપો... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આવે તેવો પણ સુર ઉઠવા પામ્યો છે. આખો દિવસ ગરમીમાં ગુંગળામણ અનુભવતા નાગરિકો હવે ઘરમાં રહીને મુંઝવણ અનુભવી રહ્યા છે. રાત્રિના સમયે ખુલ્લી હવામાં વોકીંગ કરીને નાગરિકો તાજગીનો અહેસાસ કરવા ઈચ્છે છે. વોકીંગના અભાવે ડાયાબીટીસ તેમજ કોલેસ્ટ્રોલની તકલીફધરાવતા નાગરિકો પણ વોકીંગ સિવાય માત્ર દવાના સહારે છે. જયારે આમ નાગરિકો પણ સોશિયલ ડીસ્ટન્સીંગ અને માસ્ક સાથે વોકીંગ માટે છુટછાટ આપવામા આવે તેવી માંગ કરી રહ્યા છે.

### ફગાવી... ● અનુસંધાન પહેલાનું ચાલુ

વારંવાર અવગણના કરવામાં આવી છે. માલ્યાએ ટ્વિટ કર્યું હતું કે, કોવિડ -૧૯ રાહત પેકેજ માટે સરકારને અભિનંદન. તેઓ ઈચ્છે તેટલી નોટો છાપી શકે છે, પરંતુ શું મારે મારા જેવા નાના ફાળો આપનારને અવગણવું જોઈએ, જે સરકારની માલિકીની બેંકમાંથી લેવામાં આવેલી ૧૦૦% લોન પરત ચૂકવવા માંગે છે. ' થતો હતો. સીબીઆઈ અને ઈડીને આશા છે કે માલ્યાને આગામી ૨૮ દિવસમાં ભારત દેશનિકાલ કરવામાં આવશે. માલ્યા શટરડ એરલાઈન કિંગફિશર એરલાઈન્સનો પ્રમોટર છે અને રૂ .૯,૦૦૦ કરોડના કથિત છેતરપિંડી અને મની લોન્ડરિંગના કેસની તપાસ કરી રહી છે.

### દુઃખદ નિધન... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જેવી રમતોમાં આશરે ૩૫ જેટલા ગોલ્ડ મેડલ્સ, ૨૫ જેટલા સિલ્વર મેડલ્સ અને ૧૦થી વધુ કાંસ્ય પદકોનો પ્રાપ્ત કર્યા હતા. છેલ્લો પદક તેમણે ગત જાન્યુઆરી માસમાં જ રાજ્યકક્ષાએ મેળવ્યો હતો. તેઓ પ્રભાવશાળી વ્યક્તિત્વ ધરાવવા સાથે ગાંધીનગરમાં મહિલા સશક્તિકરણની મિસાલ બની અનેક માટે પ્રેરણારૂપ બન્યા હતા. તેમનો સાલસ અને હસમુખો સ્વભાવ તથા તેમની હમેશા કોઈપણ જરૂરિયાતમંદને મદદરૂપ થવાની તત્પરતાને કારણે તેઓ ખુબજ લોકપ્રિય બની રહ્યા હતા.

ગાંધીનગરની સંસ્થા ઉદગમ ચેરિટેબલ દ્વારા પણ તેમને મહિલા ગૌરવ પુરસ્કાર સહિત અનેક સંસ્થાઓ તેમજ તેમના સમાજ દ્વારા સન્માનીત કરવામાં આવી ચૂક્યા છે. સ્વ. ઈન્દુબેન નિમાવત ગાંધીનગરના પત્રકાર તથા સેવાકીય પ્રવૃતિઓ સાથે સંકળાયેલા કશ્યપ નિમાવત તથા જાણીતા નાટયકાર તથા કટાર લેખક કુંતલ નિમાવતના માતૃશ્રી હતા. તેમના પતિ નૌતમલાલ જે. નિમાવત વિધાનસભાના નિવૃત નાયબ સચિવ છે. સ્વ. ઈન્દુબેન નિમાવત તેમની પાછળ પોતાના પતિ નૌતમલાલ, બે પુત્રો અને પૌત્ર-પૌત્રીને રડતાં મૂકી ગયા છે.